ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
લિ.ગાંધીનગરને વહીવટી ગ્રાન્ટ
ફાળવવા બાબત
રૂ. ૨૫.૦૦ લાખ વર્ષ ૨૦૧૭-૧૮
(ડિસેમ્બર-૨૦૧૭ થી માર્ચ-૨૦૧૮)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૫/૧૦૨૫/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૧૨/૨૦૧૭

29 DEC 2017

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃબીયુડી/ ૧૦૨૦૧૭/૧૬૪૩૧૬/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૬/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃસશપ/ ૧૦૨૦૦૫/૧૦૨૫/અ-૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃસશપ/ ૧૦૨૦૦૫/૧૦૨૫/અ-૧

(૪) એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા.૨૮/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃગુગો/ મકમ/૧૪૦૯૮/૨૦૧૭

ઠ રા વઃ-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૪/૧૭ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ પેટે સને ૨૦૧૭-૧૮ના વર્ષના અંદાજપત્રમાં રૂ.૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૩/૦૬/૧૭ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમને એપ્રિલ-૨૦૧૭ થી જુલાઇ-૨૦૧૭ સુધીના સમયગાળા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૫/૧૦/૧૭ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમને ઓગસ્ટ-૨૦૧૭ થી નવેમ્બર-૨૦૧૭ સુધીના સમયગાળા માટે બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી.વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના તા.૨૮/૧૨/૨૦૧૭ના પત્રથી એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરે બજેટ જોગવાઇ રૂ.૭૫.૦૦ લાખ પૈકીની ત્રીજા હપ્તા પેટે બાકી રહેલ રૂ.૨૫.૦૦ લાખની ગ્રાન્ટ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ તરીકે કરવામાં આવેલ બજેટ જોગવાઇ રૂ. ૭૫.૦૦ લાખ (અંકે રૂપિયા પંચોતેર લાખ પુરા) પૈકી ડિસેમ્બર-૨૦૧૭ થી માર્ચ-૨૦૧૮ના સમયગાળા માટે રૂ.૨૫.૦૦ લાખ

(અંકે રૂપિયા પચીસ લાખ પુરા) ત્રીજા અને આખરી હપ્તા પેટે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજુરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બીયુડી/૧૦૨૦૧૭/૧૬૪૩૧૬/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૪/૨૦૧૭ ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર સક્ષમ અધિકારીની તા.૨૯/૧૨/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૭